## રાજ્યભરમાં ત્રીજા રાઉન્ડમાં વરસાદની જોરદાર બેટિંગ

# જૂનાગઢ- ગીર સોમનાથમાં મેઘતાંડવ





## ઘણા જિલ્લાઓમાં પાણી ભરાયા : રાજ્યમાં ભારે વરસાદથી જનજીવન ખોરવાયું : અનેક હાઈવે પર ટ્રાફિક જામની સ્થિતિ

અમદાવાદ, તા.૧૯

હવામાન વિભાગ દ્વારા આગામી ૫ દિવસ સુધી રાજ્યભરમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરાઈ છે, ત્યારે આગાહી મુજબ આજે અમદાવાદ સહિત રાજ્યભરમાં મેઘરાજાએ માજા મુકી છે. તો જૂનાગઢ અને ગીર સોમનાથમાં મેઘતાંડવનું રૌદ્રસ્વરૂપ જોવા મળી રહ્યું છે. વરસાદને પગલે ઘણા જિલ્લાઓમાં પાણી ભરાયા છે. જ્યારે સુરતમાં પણ વરસાદી પાણી ભરાતા અડાજણ પાટિયા વિસ્તારમાં ટ્રાફિક જામ થતાં વાહન ચાલકો કલાકો સુધી ફસાયા હોવાના અહેવાલો મળી રહ્યા છે. જામનગર જિલ્લામાં મેઘરાજાનો ચોથો રાઉન્ડ જોવા મળી રહ્યો છે, અહીં સાર્વત્રિક અડધાથી અઢી ઈંચ વરસાદ નોંધાયો છે. દમણમાં ૨૪ કલાકમાં ૯.૫ ઈંચ વરસાદ પડતા નિંચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા છે. જ્યારે વાપીમાં માત્ર ચાર કલાકમાં ૬ ઈંચ વરસાદ પડતા જનજીવન પ્રભાવિત થયું છે. દરમિયાન સુત્રાપાડામાં આભ ફાટતા ૨૨ ઈંચ વરસાદ ખાબક્યો છે, જેના કારણે અહીં જળબંબાકારની સ્થિતિ સર્જાતા લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે અને ભાદર-૨ ડેમના ૬ દરવાજા ૪ ફુટ ખોલવામાં આવ્યા છે. વડોદરાની વાત કરીએ તો બપોરે બે કલાકમાં ત્રણ ઈંચ વરસાદથી પાણી ભરાયા છે. બારડોલીમાં બે, કામરેજમાં એક ઈંચ સહિત અન્ય તાલુકામાં છુટોછવાયો વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં વરસાદનો ત્રીજો રાઉન્ડ શરુ થઈ ગયો છે. અમદાવાદમાં અનેક વિસ્તારોમાં બે ત્રણ દિવસમાં વરસાદી ઝાંપટા જોવા મળ્યા હતા.આજે સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદ વરસ્યો છે, જેમાં જૂનાગઢ જિલ્લામાં મેઘરાજાએ સટાસટી બોલાવતા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. જૂનાગઢ શહેર તેમજ તાલુકામાં પડેલા ભારે વરસાદને પગલે નદી નાળાઓમાં પૂર આવ્યા છે આ સિવાય જૂનાગઢનો વિલીંગ્ડન ડેમ પણ છલકાઈ ગયો છે. ગિરનાર તળેટીમાં તેમજ દાતાર પર પણ ધોધમાર વરસાદ વરસ્યો હતો જેના પગલે ગિરનાર પર્વત પરથી ઝરણા વહેતા થયા હતા. આ સાથે જ સોનરખ નદી પણ વહેતી થઈ હતી. માંગરોળમાં સવારના ૬ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધીમાં પોણા બાર ઈંચ વરસાદ ખાબકતાં અનેક નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતા અનેક ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા. માંગરોળ સિવાય કેશોદમાં પણ મુશળધાર વરસાદ વરસ્યો છે જેના પગલે નદી-નાળાઓમાં ઘોડાપૂર આવ્યા છે. કેશોદમાં સિલોદર ગામના પુલનો એક બાજુનો ભાગ તૂટ્યો હતો તેમજ પુલ પર બે વિદ્યાર્થીઓ ફસાયા હતા જેને મહામહેનતથી બચાવી લેવાયા હતા. કેશોદના ગ્રામ્ય પંથકની વાત કરીએ તો રેવદ્રા ગામમાં અનરાધાર વરસાદથી વાહનો તેમજ ઘરવખરી, અનાજ તેમજ માલઢોર પાણીમાં ગરકાવ થયા હતા.





સુરતમાં આજે બીજા દિવસે વરસાદની ધુંવાધાર બેટિંગના કારણે શહેરના અનેક વિસ્તારમાં પાણી ભરાયા હતા. વરસાદી પાણી ભરાવવાની સૌથી વધુ અસર શહેરમાં ટ્રાફિક પર પડી રહી છે. રાંદેર ઝોનમાં દબાણ માટે કુખ્યાત એવા અડાજણ પાટીયા વિસ્તારમાં આજે વરસાદી પાણીના ભરાવા, સતત વરસાદ અને દબાણના કારણે આ જગ્યાએ કલાકો સુધી વાહન ચાલકો ટ્રાફિક જામમાં ફસાયા હતા. સુરત ડુમસ ( એરપોર્ટ) રોડ પણ પાણીનો ભરાવો થયો હતો તેની સાથે સુરતના સીટી વિસ્તાર અને અડાજણ પાટિયા વિસ્તાર, ઋષભ ટાવર વિસ્તારમાં આજે ફરીવાર વરસાદના પાણી ભરાયા હતા. જામનગરમાં ગઈકાલે મોડી રાત્રે હવામાનમાં પલટો આવ્યો છે અને મેઘરાજાનો ચોથો રાઉન્ડ શરૂ થઈ ગયો છે. સમગ્ર જિલ્લામાં અડધાથી પોણા ત્રણ ઈંચ વરસાદ પડયો છે, જેને લઈને અનેક ડેમોમાં ફરીથી નવા નીર આવ્યા છે. અને આઠ જળાશયો ફરી ઓવરફ્લો થયા છે. ગઈકાલે મોડી રાતથી જ ધીમીધારે છાંટા શરૂ થયા હતા, ત્યારબાદ આજે વહેલી સવારે ૧૦.૦૦ વાગ્યા થી ૧૧.૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન અડધો ઈંચ વરસાદ વરસી ગયો હતો. હજુ પણ વરસાદી માહોલ બંધાયેલો છે. જામનગર જિલ્લાનો કંકાવટી ડેમ આજે ઓવર ફ્લો થયો હોવાથી તેના પાટિયા ખોલીને પાણી છોડવામાં આવી રહ્યું છે, અને ડેમના નીચાણવાળા વિસ્તારમાં આવેલા ફલ્લા, બેરાજા, હડિયાણા ગામ સહિતના ગામોના નાગરિકોને સલામત સ્થળે રહેવા સૂચના આપવામાં આવી છે.

# ગુજરાતમાં પ્રથમવાર ફિલ્મફેર એવોર્ડનું આયોજન

## મુખ્યમંત્રીની હાજરીમાં પ્રવાસન નિગમ અને વર્લ્ડ વાઇડ મીડિયા પ્રા.લિ વચ્ચે એમઓયુ

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાં પ્રથમવાર આયોજિત થનારા ૬૯મા ફિલ્મફેર એવોર્ડસ દ્વારા ગુજરાત દેશમાં ફિલ્મ ડેસ્ટિનેશન સ્ટેટ તરીકે પ્રમોટ થશે. આ ૬૯માં ફિલ્મફેર એવોર્ડસના આયોજન માટે રાજ્ય સરકારના સાહસ ટુરીઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ અને વર્લ્ડ વાઈડ મિડીયા પ્રા. લિમિટેડ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે રૈં કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારે ૨૦૨૨માં જાહેર કરેલી સિનેમેટીક ટુરીઝમ પોલિસીને પગલે ગુજરાતમાં ફિલ્મ ઉદ્યોગો આકર્ષિત થયા છે. તેમાં આ ફિલ્મફેર એવોર્ડ-૨૦૨૪નુ આયોજન વધુ એક સિમાચિન્હ બનશે. આ એમ ઓ યુ પર રાજ્ય સરકાર વતી પ્રવાસન નિગમ ના એમ.ડી સૌરભ પારઘી અને વર્લ્ડ વાઈડ મીડિયા વતી સી.ઈ.ઓ




દિપક લાંબા એ હસ્તાક્ષર કર્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, ફિલ્મફેર એવોર્ડ્સ એ ભારતીય સિનેમાના સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ્સમાંના એક છે. આવા પ્રતિષ્ઠિત એવોર્ડ સમારોહનું આયોજન રાજ્યમાં થવાથી મોટી સંખ્યામાં હસ્તીઓ, ફિલ્મ નિર્માતાઓ અને ઉદ્યોગ વ્યવસાયિકો ગુજરાત આવશે. મુલાકાતીઓનો આ પ્રવાહ રાજ્યમાં પ્રવાસન, હોટેલ બુકિંગ અને અન્ય પ્રવૃત્તિઓને વેગ આપશે, અને લોકલ ઈકોનોમી ને બુસ્ટ મળશે તથા એમ્પ્લોયમેન્ટ જનરેશન પણ થઈ શકશે. ફિલ્મફેર એવોર્ડ્સનું આયોજન ભારતીય ફિલ્મ ઉદ્યોગ અને ગુજરાતની સ્થાનિક સંસ્કૃતિ વચ્ચે સાંસ્કૃતિક આદાનપ્રદાન સરળ બનાવશે. ગુજરાતના કલાકારો અને ફિલ્મ નિર્માતાઓને ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીના વ્યવસાયિકો સાથે વતચીત અને વિચારોના આદાન-પ્રદાન કરવાની તેમજ ફિલ્મ પ્રોડક્શનમાં ન્યુ ટ્રેન્ડ, ટેકનોલોજી અને ટેકનિક્સ વિશે જાણવાની તક મળશે તેમ મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં સ્પષ્ટ મત દર્શાવ્યો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલી એક ભારત શ્રેષ્ઠ ભારતની સંકલ્પના ફિલ્મ ઈન્ડસ્ટ્રી સુપેરે ચરિતાર્થ કરે છે. રાજ્યમાં ફિલ્મફેર એવોર્ડ્સના આયોજનથી રાજ્યને ફિલ્મ ડેસ્ટિનેશન સ્ટેટ તરીકે પ્રમોટ કરી શકાશે. તેનાથી ગુજરાતને સંભવિત ફિલ્મી લોકેશન તરીકે નોંધપાત્ર એક્સપોઝર અને પ્રમોશન મળશે. આ ઈવેન્ટ રાજ્યના કુદરતી સૌંદર્ય, સાંસ્કૃતિક વારસો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું પ્રદર્શન કરશે, જે ફિલ્મ નિર્માતાઓને ગુજરાતનો ભવિષ્યના ફિલ્મ પ્રોજેક્ટ્સ માટે બેકડ્રોપ તરીકે ઉપયોગ કરવા માટે આકર્ષિત કરશે. તેના પરિણામે રાજ્યમાં ફિલ્મ નિર્માણ અને રોકાણમાં વધારો થશે. ફિલ્મ અને મનોરંજન ઉદ્યોગ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે નોકરીની અસંખ્ય તકોનું સર્જન કરે છે. ગુજરાતમાં ફિલ્મફેર એવોર્ડ ૨૦૨૪નુ આયોજન થતાં ઈવેન્ટ મેનેજમેન્ટ, હોસ્પિટાલિટી, ટ્રાન્સપોર્ટેશન, સુરક્ષા જેવા વિવિધ ક્ષેત્રોમાં રોજગારીનું સર્જન પણ થશે. આ ઈવેન્ટ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રેક્ષકોને ગુજરાતના વૈવિધ્યસભર પ્રવાસન આકર્ષણો દર્શાવવા માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરશે. ગુજરાત કચ્છનું સફેદ રણ, સાબરમતી આશ્રમ અને દ્વારકા જેવા ઐતિહાસિક સ્થળોથી લઈને ગીર ફોરેસ્ટ નેશનલ પાર્ક અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા સમૃદ્ધ પ્રવાસન સ્થળો ધરાવે છે.

# સુરત ડાયમંડ બોર્સ : વિશ્વની સૌથી મોટી ઈમારત

સુરત, તા.૧૯

આજ સુધી વિશ્વની સૌથી મોટી ઓફિસ કે, બિલ્ડિંગ તરીકે અમેરિકાના રક્ષા વિભાગના મુખ્યાલય પેન્ટાગોનનું નામ સાંભળ્યું હશે અને આ બિલ્ડિંગમાં સૌથી વધારે કર્મચારીઓ કામ પણ કરતા હતા. પરંતુ સુરતમાં ૪ વર્ષના સમયગાળા દરમિયાન બનેલા સૌથી મોટા ડાયમંડ એક્સચેન્જે અમેરિકાના પેન્ટાગોનને પાછળ છોડી દીધું છે અને તે વિશ્વની સૌથી મોટી ઈમારત બની છે. આ ઈમારતનું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવેમ્બર મહિનામાં કરી શકે છે. સુરતએ વિશ્વમાં રત્ન રાજધાની તરીકે જાણીતું છે જ્યાં વિશ્વના ૯૦ ટકા હીરા કટિંગનું કામ કરવામાં આવે છે.



એવુ પણ વિગતો સામે આવી છે કે,આ બિલ્ડિંગમાં ૬૫,૦૦૦થી વધુ હિરા પ્રોફેશનલ્સ કામ કરી શકશે. આમાં પોલિશ્ર, કિટર્સ તેમજ અન્ય વેપારીઓ સામેલ થઈ શકશે. આને વન સ્ટોપ ડેસ્ટિનેશનના રૂપમાં બનાવવામાં આવ્યો છે. આ બિલ્ડિહગનું નામ સુરત ડાયમંડ બોર્સ આપવામાં આવ્યું છે. એક અહેવાલો અનુસાર ૧૫ માળની ઈમારત ૩૫ એકર જમીનમાં બનાવવામાં આવી છે. તેમાં નવ અન્ય બિલ્ડિંગ્સ છે. આ વિશાળ કોમ્પ્લેક્સ બનાવનાર કંપનીના જણાવ્યા અનુસાર આમાં ૭.૧ મિલિયન ચોરસ ફૂટ ફ્લોર સ્પેસ છે. વિશ્વના ૯૦ ટકા હીરા સુરતમાં કટીંગ કરવામાં આવે છે. આ બિલ્ડિંગમાં ૧૩૧ લિફ્ટ તેમજ અન્ય કેટલીક સુવિધાઓ પણ છે. આ પ્રોજેકટમાં મુંબઈથી આવતા હજારો કર્મચારીઓને લાભ થશે. SDB એટલે કે સુરત ડાયમંડ એક્સચેન્જ એ બિન-લાભકારી છે. જે કંપની અૅક્ટ ૨૦૧૩ની કલમ ૮ હેઠળ નોંધાયેલ કંપની છે. આ ઈમારત સુરત અને ગુજરાતમાં ડાયમંડ બોર્સની સ્થાપના અને પ્રચાર માટે બનાવવામાં આવી છે.

આ ઓફિસ કોમ્પ્લેક્ષમાં મનોરંજન અને પાર્કિંગ વિસ્તાર છે. જે ૨૦ લાખ ચોરસ ફૂટમાં ફેલાયેલો છે. આ નવું બિલ્ડીંગ કોમ્પ્લેક્સમાં હજારો લોકોને બિઝનેસ કરવાની ઉત્તમ તકો પૂરી પાડશે. આ બિલ્ડીંગના નિર્માણ પહેલા પણ કેટલાક હીરા કંપનીઓએ પોતપોતાની ઓફિસો ખરીદી લીધી હતી.

# પીક અવર્સમાં મોટા જંકશન પર પોલીસ મુકો : હાઈકોર્ટ

અમદાવાદ, તા.૧૯

ગુજરાત હાઈકોર્ટમાં રોડ, ટ્રાફિક અને રખડતા ઢોર મુદ્દે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કોર્ટે ટ્રાફિકના મુદ્દે સરકાર અને એએમસીસામે લાલઆંખ કરી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવી ઢોર પોલીસીને મંજુરી અપાઈ છે અને તેને લઈને રાજ્ય સરકારે પણ હાઈકોર્ટમાં સોગંદનામું રજૂ કરી દીધું છે.એએમસીની સ્ટેન્ડિંગ કમિટીએ શહેરમાં રખડતા ઢોરને લઈ બનાવેલી પોલીસીને મંજુરી આપતાં રાજ્ય સરકાર તેનો અભ્યાસ કરશે. આ પોલીસી રાજ્યની અન્ય પાલિકાઓના વિસ્તારમાં લાગુ કરી શકાય કે કેમ તે અંગે ચકાસણી કરવામાં આવશે. ત્યારબાદ સમગ્ર રાજ્યમાં આ પોલીસીને લાગુ કરવાની મંજુરી માટે તેને રાજ્ય સરકાર સમક્ષ મોકલવામાં આવશે.

હાઈકોર્ટમાં આજે અમદાવાદ શહેરની ટ્રાફિકની સમસ્યાને લઈને પણ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં અરજદારે જણાવ્યું હતું કે, હાઈકોર્ટે અગાઉ એએમસીના એસ્ટેટ વિભાગને ટ્રાફિકને નડતરરૂપ દબાણ હટાવવા હૂકમ કર્યો હતો. રાજ્ય સરકાર અને અમદાવાદ પોલીસ કમિશ્નરને કોર્ટે કહ્યું હતું કે, અમે જોઈએ છીએ કે બધી જ લારીઓ, ફાસ્ટફૂડ, પાનના ગલ્લા જ્યાં હોય ત્યાં લોકોએ ટ્રાફિકનો સામનો કરવો પડે છે. અડધા રોડ ગેરકાયદેસર પાર્કિંગથી ભરેલા છે. રાજ્ય સરકાર વતી કહેવાયું હતું કે, પોલીસ ઓથોરિટી તેને મોનીટર કરી રહી છે. સીસીટીવીદ્વારા ટ્રાફિક પર નજર રખાય છે. ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારને ઈ-ચલણ રૂપે દંડ કરાય છે. આ મુદ્દે કોર્ટે કહ્યું હતું કે લોકો 'નો પાર્કિંગ ઝોન'માં પણ પાર્કિંગ કરી જાય છે. લોકો કાયદાનું પાલન નથી કરતા એટલે જ તો કાયદાના અમલની જરૂર છે. તમારે પીક અવર્સમાં શહેરના મોટા જંકશન પર પોલીસ કર્મચારીઓ મુકવા જોઈએ. ચોવીસ કલાક રસ્તાઓ પર પોલીસ રાખવાની જરૂર નથી. કોર્ટે સરકારની ઝાટકણી કાઢીને કહ્યું હતું કે, પીક અવર્સમાં ટ્રાફિક સરળતાથી ચાલવો જોઈએ.

### વાનગી સ્પર્ધા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપવાની જાહેરાત કરી હતી એટલુ જ નહિ જિલ્લાકક્ષાએ સ્પર્ધામાં ભાગ લેનાર તમામને રૂ. ૨૧૦૦ નું પ્રોત્સાહન ઈનામ આપવાની જાહેરાત કરાઈ હતી.

આજે યોજાયેલ આ સ્પર્ધામાં ગાંધીનગર-૨ ઘટકના દોલારણ વાસણાના રાજશ્રીબેન ભાવસારને પ્રથમ સ્થાને વિજેતા જાહેર કરાયા હતા. દ્વિતીય સ્થાને કલોલ ઘટકની ઈન્દિરાનો ખાડો-૧ કેન્દ્રના સુધાબેન શર્માને તેમજ તૃતિય સ્થાને ગાંધીનગર-૨ ઘટકના ઉવારસદ-૭ કેન્દ્રના મનીષાબેન ઠાકોર અને કલોલ ભાગ્યોદય સોસાયટીના સુષ્મા ચૌધરીને વિજેતા જાહેર કરાયા હતા. આ વિજેતાઓએ મિક્ષ વેજીટેબલ મોપોઝ, સાત ધાન્યનો ખીચડો, રાગીમિક્ષ મીલેટ ગુંદરપાક, મીલેટ્સ અપ્પમ એવી વાનગીઓ બનાવી રજુ કરી હતી.

### ૧૦ પંપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નેટવર્કનું ટેસ્ટિંગ બાદ ત્યારે સ્કાડા સિસ્ટમથી તેને ઓપરેટ કરાશે સેક્ટારોમા લાઈનોમાં પાણીનું દબાણ ઘટવા વધવાની સાથે એક સાથે ૧૦ જેટલા પમ્પ જરૂરિયાત મુજબ ઓન ઓફ થતા રહેશે . પાણીનો ફોર્સ માટે માટે પાઈપ લાઈનમાં ઓછામાં ઓછા જોઈન્ટ્સ અનિવાર્ય બને છે. ત્યારે ઘરના જોડાણો આપવામાં માઈલ્ડ ડેન્સિટી પોલીઈથીલીન ફ્લેકસીબલ પાઈપ લાઈનનો ઉપયોગ કરાશે

### સમયસર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચોમાસુ શરૂ થયુ છે અને આગામી બે મહિનામાં રાજ્યની વધુ ૩ હજાર ગ્રામ પંચાયતોને જોડવાના ચાલી રહેલા પ્રયાસોની વિગતો પત્રકારોને કહી હતી.

ગઈકાલે પત્રકારો માટેની યોજાયેલી કાર્યશાળામાં તેમણે પ્રાકૃત્તિક ખેતી કેમ આજની જરૂરિયાત છે તેની વિસ્તૃત છણાવટ કરી નીતિ આયોગના રિપોર્ટ, સ્વામીનાથનની કૃષિક્રાંતિ, જૈવિક ખેતી સહિતની ઘણી બધી વાતો ટાંકી હતી.

આ કાર્યશાળામાં તેમણે ગાયના ગોબરનું મહત્વ સમજાવતાં તેમાં રહેલા સૂક્ષ્મજીવોથી પાક સંવર્ધન બને વૃક્ષોનું સંવર્ધન કેવી રીતે થાય છે તેની વાત પણ જે રોચકતા સાથે રજુ કરી ત્યારે પત્રકારો ચોંક્યા હતા. રખડતી ગાયના ગોબરમાં કરોડોની સંખ્યામાં સૂક્ષ્મજીવો છે. જ્યારે દૂઝણી ગાયના ગોબરમાં તેના કરતાં ઓછા સૂક્ષ્મજીવો હોય છે. ખુબ જ ઝીણવટતા સાથે તેમણે પ્રકૃત્તિ સાથે સમાજને જોડવાના અભિયાનની વાત કહી હતી.

આમ આ બે મહામહીમ રાજ્યપાલોએ ગુજરાતને પ્રકૃત્તિ સાથે જોડવા માટે છેડેલા અભિયાનને સલામ ન કરીએ તો સાચા ગુજરાતી ન કહેવાઈએ.

### બેઠક યોજી

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેખરેખ માટેના સામાન્ય પગલાં તરફ સાથે મળીને કામ કરવું જોઈએ.

રશિયાએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના બહુમતી દષ્ટિકોણથી અલગ થઈને શંકા વ્યક્ત કરી કે એઆઈના જોખમો વિશે પૂરતી માહિતી છે, જે તેને વૈશ્વિક અસ્થિરતાના જોખમોના સ્ત્રોતના રુપે પ્રકાશિત કરે છે. તો બીજી તરફ ચીનના રાજદૂતે કહ્યું કે એઆઈ સંબંધિત આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને ધોરણો નરમ હોવા જોઈએ જેથી દેશોને તેમના પોતાના રાષ્ટ્રીય સ્તરના નિયમો નક્કી કરવાની સ્વતંત્રતા મળે.

યુએન સેક્રેટરી જનરલે એઆઈ નિયમોને નિયંત્રિત કરવા, દેખરેખ કરવા અને અમલ કરવા માટે એક ગવર્નિંગ બોડી તરીકે યુએન દેખરેખ સંસ્થાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો, જે રીતે અન્ય એજન્સીઓ ઉડ્ડયન, આબોહવા અને પરમાણુ ઊર્જાની દેખરેખ રાખે છે.

### લેન્ટર પડતાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

સીએમ યોગી આદિત્યનાથે નરસેના પોલીસ સ્ટેશન વિસ્તારના મવાઈ ગામમાં ઘરનું લેન્ટર તૂટી પડવાથી ૪ લોકોના મોતની નોંધ લીધી છે. ડીએમ ચંદ્ર પ્રકાશ સિંહે જણાવ્યું કે, મુખ્યમંત્રીના નિર્દેશ પર તમામ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને રાહત કાર્યમાં જોડાયા છે. મૃતકોના પરિજનોને ૪-૪ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે. આ સાથે અન્ય જે પણ મદદ કરી શકાશે તે પણ આપવામાં આવશે. ડીએમ ચંદ્ર પ્રકાશ સિંહે ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું અને પીડિતો સાથે વાતચીત કરી છે.